

**ગુજરાત હાઈકોર્ટ ખાતે ૭ નવનિયુક્ત ન્યાયમૂર્તિઓનો શપથ-ગ્રહણ સમારોહ યોજાયો**

ગુજરાત હાઈકોર્ટ ખાતે મુખ્ય ન્યાયમૂર્તિ અરવિંદ કુમારે ૭ નવનિયુક્ત ન્યાયમૂર્તિઓને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. આ ન્યાયમૂર્તિઓમાં શ્રીમતી મોના ભટ્ટ, સમીર દવે, હેમંત પ્રચ્છક, સંદિપ ભટ્ટ, અનિરૂદ્ધ માયી, નિરલ મહેતા અને સુ.શ્રી નિશા ઠાકોરનો સમાવેશ થાય છે. ગુજરાત હાઈકોર્ટ ખાતે યોજાયેલા આ શપથ-ગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ શપથ-ગ્રહણ સમારોહમાં હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ, સુપ્રીમ કોર્ટના અને હાઈકોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી તેમજ એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં ફટાકડાના વેપારનો હંગામી પરવાનો મેળવવા ૨૪મી સુધીમાં અરજી કરવી

ગાંધીનગર શહેર વિસ્તારમાં હંગામી ૨૦૨૧ ફટાકડા લાયસન્સ મેળવા માટે અરજી ફોર્મ નંબર-૪ તા. ૧૮ થી ૨૪ મી ઓકટોબર, ૨૦૨૧ દરમ્યાન કચેરી કામકાજના ચાલુ દિવસો દરમ્યાન અને તા. ૨૫મી ઓકટોબરના બપોરના ૨.૦૦ કલાક સુધી જન સેવા કેન્દ્ર, કલેક્ટર કચેરી, ગાંધીનગર ખાતેથી મળશે. તા. ૨૫મી ઓકટોબર, ૨૦૨૧ના રોજ બપોરના ૨.૦૦ કલાક સુધીમાં ભરેલા ફોર્મ સ્વીકારવાની કાર્યવાહી જનસેવા કેન્દ્ર, ગાંધીનગર ખાતે કરવામાં આવશે, તેવું મામલતદાર(જ.ફા) શ્રી ડી.એ.પંચાલે જણાવ્યું છે.

મામલતદાર (જ.ફા) શ્રી ડી.એ.પંચાલે વધુમાં જણાવ્યું છે કે, હંગામી પરવાનાની અરજી ઉપર રૂ. ૩/- ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. લાયસન્સ ફી રૂ. ૭૦૦/- સદર હેડ ૯૦૦૭૦૯, ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્રમાંથી મંજૂર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવવાની રેહશે. જેની એક નકલ અરજી ફોર્મ સાથે બિડાણ કરવાની રેહશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેર શ્રી પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતું હોય તે કચેરીમાં જમા કરાવી ભાડાની પહોંચ અરજી પત્રક સાથે બીડવાની રહેશે.

ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિક્ષ ઈજનેરશ્રી, ગાંધીનગર તફરથી નિયત કરવામાં આવે તે સેકટર માટે જ હંગામી લાયસન્સ આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે. પ્લોટની ફાળવણી ડ્રો ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી અથવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કરવામાં આવશે. જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રેહશે. જેથી પ્લોટનું ભરેલું ભાડું રીફંડ મળશે નહી.

પ્લોટ ઉપર સ્ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટીના સાધનોની વ્યવસ્થા લાયસંસદારે જાતે કરવાની રહેશે. લાયસંસની શરતો પ્રમાણે આગ/અકસ્માત માટેની સાવચેતીના પગલાં લાયસંસદારે લેવાના રેહશે. છતાં કોઈ દુર્ઘટના બનશે તો તેની જવાબદારી લાયસંસ ધારકની જ રહેશે. જરૂર જણાયે લાયસંસ માટે અરજી કરનારે વિમો લેવાનો રેહશે. લાયસંસ મેળવનાર વ્યક્તિએ ધંધો જાતે જ કરવાનો રહેશે. અન્ય વ્યક્તિને ધંધો કરાવા અધિકૃત કરી શકશે નહી કે અન્યને વાપરવા આપી શકશે નહી. અરજદારો કોઈ ગુન્હામાં સંડોવાયેલ નથી તેવું પ્રમાણપત્ર તેના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવી અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે. સંબંધિત ફાગર ઓફિસરશ્રીનો અભિપ્રાય પણ અરજી પત્રક સાથે રજૂ કરવાનો રહેશે.

અરજી ફોર્મ સંપૂર્ણ વિગતો ભરીને આધાર, પુરાવા સહ ઉપરોક્ત સમયમાં રજૂ કરવાનું રહેશે. ત્યારબાદ મળેલ અરજી ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહિ તેમજ કોઈપણ સંજોગોમાં અધુરી વિગતોવાળી અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ, તેવું પણ મામલતદારશ્રી(જ.ફા) એ જણાવ્યું છે.

# દિવાળીની ખુશીઓ માટે લૉન પેપર્સ પર સહી કરતાં સાચવજો

**વાહન લોન કે કોઈ ચીજવસ્તુ ખરીદવાની લોનના પેપર્સ સાઈન કરનાર વ્યક્તિના નામે પર્સનલ લોન જેવી અન્ય લોન મંજૂર કરાવી છેતરપીંડી કરવાની ઘટનાઓ શહેરમાં સર્જાઈ રહી છે**

ગાંધીનગર, તા. ૧૮

દિવાળી ઢૂકડી આવી પહોંચી છે અને દિવાળીનું પર્વ એટલે પરિવારમાં ખુશીઓ લાવનારૂ પર્વ. દરેક વ્યક્તિ આ પાવન પર્વે પોતાના પરિવારમાં આનંદ-ઉલ્લાસનો ઉજાસ પ્રસરે તે માટે પ્રયાસ કરે છે જેના કારણે આ ઉત્સવના પૂર્વે ખરીદી કરવાનું ચલણ વધુ જોવા મળે છે. ઘરમાં કોઈ જરૂરી નવુ ઉપકરણ કે ચીજવસ્તુ અથવા પરિવારજનો માટે નવા કપડાંલતા કે વાહન સહિતની જરૂરિયાતને દિવાળીના સમયે પુરી કરવામાં આવે છે અને તે માટે વ્યક્તિ ઉધાર નાણાં કે લોન લેવી પડે તો પણ અચકાતો નથી કેમકે પરિવારની ખુશીનો સવાલ હોય છે. જો કે આજકાલ પરિવારની ખુશી માટે નાની-મોટી લોન લેનાર વ્યક્તિ છેતરપીંડીનો ભોગ બની પોતે ના લીધી હોય તેવી લોનના ચક્કરમાં ફસાઈ જવાના કિસ્સા બની રહ્યાં છે જેનાથી લૉન લેનારે સાવધ રહેવું જરૂરી જણાય છે.

એક તરફ કોરોના કાળમાં મંદા વેપાર-ધંધા અને બીજી તરફ અસહ્ય મોંઘવારીના માહોલમાં આવેલી દિવાળીમાં પોતાના પરિવારને પ્રસન્ન કરવા લૉન લેવા જઈ રહેલી વ્યક્તિ લૉનની પ્રક્રિયામાં સામેવાળી વ્યક્તિ પર ભરોસો મુકીને લૉન પેપર્સ પર સહી કરે છે ત્યારે તેને ખબર નથી હોતી કે તેની આ સહીથી તે જે લોન લઈ રહ્યો છે તેની સાથે સાથે વધુ એક લૉનના કાગળ પર પણ સહી કરી રહ્યો છે જે તેને મળવાની નથી પરંતુ તેની ભરપાઈ કરવા માટે ઉઘરાણી તેની પાસે થવાની છે કેમકે લોન તેના નામે ઈશ્યુ થઈ હોય છે. શહેરમાં છેલ્લા સપ્તાહમાં આવાં કેટલાંક કિસ્સાં બનવા પામ્યાં છે જેમાં ઓછુ ભણેલા કે અંગ્રેજી ઓછુ જાણતા વ્યક્તિઓ લૉન પ્રક્રીયા કરાવનાર પર ભરોસો રાખીને લૉન પેપર્સ પર સહી કરી કોઈ વસ્તુ ખરીદવાની લૉન મેળવે છે જેની સાથે તેમના નામે પર્સનલ લૉન કે અન્ય લૉન પણ મંજૂર થઈ જાય છે જેની તેને જાણ જ હોતી નથી અને જ્યારે આ લૉનની ઉઘરાણી આવે છે ત્યારે ખબર પડે છે. આ પ્રકારના ફ્રોડથી લૉન લેનારે સાવધ રહેવું જરૂરી છે.



**ગૂજરાત વિદ્યાપીઠના ૬૭મા પદવીદાન સમારોહની પૂર્વ સંધ્યાએ ગાંધીરેલી**

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરા ખાતે ગૂજરાત વિદ્યાપીઠના ૬૭મા પદવીદાન સમારોહની પૂર્વસંધ્યાએ ગાંધીરેલી કાઢી ત્યારબાદ સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના સ્વહસ્તે ધ્વજવંદન કરી ગૂજરાત વિદ્યાપીઠના અગિયાર ધ્યેયોનું વાંચન કરાયું. સંકુલના સૌ સેવકો, વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ રીતે સફેદ ખાદી, લેંઘો, ઝભ્ભો, ટોપી પરિધાન સાથે ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજ રક્ષક તરીકેની કામગીરી ડૉ. અરવિંદ રામીએ કરી. અંતે એક જ ડાળનાં પંખી અમે સહુ સંઘગાન જગદીશભાઈ પરીખની સંગીત ટુકડીએ કરાવ્યુ હતુ.

## વાયબ્રન્ટ પૂર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બગીચાઓનું રિનોવેશનની કામગીરી ચાલે છે તેમાં ગતિ લાવવાની પણ સૂચના આપવામાં આવી છે એટલુ જ નહિ કેટલાક બગીચાઓનું દિપાવલીના પર્વો દરમ્યાન લોકાર્પણ થઈ શકે તે જોવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે. જે વિકાસ કામો હાલ ગતિમાં છે તે તેની સમય-મર્યાદામાં પૂર્ણ થાય તેમજ ચોમાસાને કારણે જો રંગમંચોમાં પણ નુકશાન થયુ હોય તો તે ઝડપથી દુરસ્ત કરવા જણાવાયુ છે.

સેક્ટરોના આંતરિક માર્ગો પહોળા કરવાની કામગીરીમાં વેગ લાવવા તેમજ શક્ય તેટલા કામો ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવા માટે જણાવવામાં આવ્યુ છે. 'ઘ' રોડ પર બનાવવામાં આવેલ અન્ડરપાસની ભૂલોનું પુનરાવર્તન નવા બની રહેલા અન્ડરપાસમાં સાંખી નહિ લેવાય તેવી સૂચના પણ કમિશનર દ્વારા આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## સ્ટેજ મળતું નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નહીંવત છે. ત્યારે સરકારે પણ વિવિધ પ્રવૃતિઓ માટે છુટછાટ આપી છે આવા સંજોગોમાં શહેરની કલાસંસ્થાઓને સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન માટે સ્ટેજ મળતુ નથી ટાઉનહોલ રીનોવેશને હેઠળ છે.બીજીતરફ નગરમાં અન્ય કોઈ હોલ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ઉપલબ્ધ નથી સિવિલ સંકુલમાં સ્થિત નવનિર્મિત ઓડીટોરીયમ હોલનો ઉપયોગ આ સ્થિતિમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે થઈ શકે છે. પરંતુ સિવિલ ઓડીટોરીયમ પણ સંસ્થાઓને ભાડેથી આપવામાં આવતો નથી. જેના લીધે કલાકારોમાં પણ નિરસતા છવાયેલી છે. ટાઉનહોલના રીનોવેશનમાં હજુ સમય લાગે તેમ છે. આ સ્થિતિને ધ્યાને લઈ સિવિલ સંકુલમાં સ્થિત હોલને કલાસંસ્થાઓને પોષાય તેવા દરથી ભાડે મળે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ મામલે અનેકવાર વિવિધ કલા સંસ્થાઓ દ્વારા પણ સરકારને રજુઆત કરવામાં આવી છે. પરંતુ કોઈ નિર્ણય લેવાતો નથી. કોરાના કાળમાં ભયના માહોલ વચ્ચે માનસિક તણાવ હેઠળ રહેતા નગરજનો હવે નિયંત્રણોમાંથી માંડ થોડા મુક્ત થયા છે. ત્યારે વ્યવસ્થાના અભાવ વચ્ચે નગરજનોની સાંસ્કૃતિક ચેતના સંતોષાય તે માટે કોઈ યોગ્ય સ્થળ મળતુ નથી. ગાંધીનગર સિવિલ સંકુલમાં સ્થિત હોલ મોટાભાગના દિવસે ખાલી હોય છે. અલબત્ત આ હોલમાં ભાગ્યેજ કાર્યક્રમોનુ આયોજન થાય છે. ત્યારે રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિના વિભાગના કાર્યક્રમનુ આયોજન પણ હાલ આ ઠેકાણે થાય છે. તેવી જ રીતે નગરનો ટાઉનહોલ તૈયાર થાય ત્યાં સુધી સિવિલ ઓડીટોરીયમ હોલ નગનરી કલા સંસ્થાઓને પોષાય તેવા ભાડેથી ફાળવવા માટે સરકાર કક્ષાએથી યોગ્ય નિર્ણય લેવાય તેવી લોકલાગણી પ્રબળ બની છે.

## બિહારીનો સોંપો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેના પહેલા શનિવારે પણ આતંકવાદીઓએ પુલવામા અને શ્રીનગર ખાતે ૨ લોકોની ગોળી મારીને હત્યા કરી દીધી હતી.

બિહારના પૂર્વ મુખ્યમંત્રી માંઝીએ લખ્યુ હતું કે, 'કાશ્મીરમાં સતત અમારા હથિયારવિહોણા બિહારી ભાઈઓની હત્યા કરવામાં આવી રહી છે જેને લઈ મન વ્યથિત છે. જો સ્થિતિમાં ફેરફાર નથી થઈ શકતો તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને આગ્રહ કરૂ છું કે, કાશ્મીરને સુધારવાની જવાબદારી અમારા બિહારીઓ પર છોડી દો. ૧૫ દિવસમાં સુધારો ન લાવ્યા તો કહેજો.' મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ કાશ્મીરમાં બિહારના લોકો પર થઈ રહેલા હુમલાને લઈ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે પ્રદેશના ઉપરાજ્યપાલ મનોજ સિન્હા સાથે વાતચીત પણ કરી હતી. તે સિવાય માર્યા ગયેલા લોકોના પરિવારોને ૨-૨ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી.







## ગુજરાત દીપોત્સવની અંકમાં શહેરના બે તસવીરકારોની તસવીર

ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા 'ગુજરાત દીપોત્સવી અંક-૨૦૭૭'નું તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે વિમોચન કરવામાં આવ્યું છે. આ દીપોત્સવી અંકમાં ગાંધીનગરના સર્જકોના સમાવેશ સાથે બે ફોટોગ્રાફર્સની તસવીરોનો પણ સમાવેશ થવા પામ્યો છે જેમાં નિકુંજ પી. વૈશ્યક અને દર્શન પુરાણીનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે નિકુંજ પી. વૈશ્યક ગાંધીનગરના જાણીતા વરિષ્ઠ તસવીરકાર છે જ્યારે દર્શન પુરાણી વ્યવસાયે સમર્પણ કોલેજમાં પ્રાધ્યાપક હોવા સાથે ફોટોગ્રાફીનો શોખ ધરાવતા યુવા તસવીરકાર છે. ગુજરાત દીપોત્સવી અંકમાં નિકુંજ પી. વૈશ્યકની તસવીર 'વ્હાલ' તેમજ દર્શન પુરાણીની તસવીર 'અંતરનાદ'નો સમાવેશ કરવામાં આવ્યો છે.

## આચાર્ય સુનીલસાગરજીની ૧૯ જૈનેશ્વરી દીક્ષાઓની અનુમોદના કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજસ્થાનના વાંગડ પ્રાંતમાં બાંસવાડા ખાતે દશેરાના શુભ દિવસે જૈનાચાર્ય સુનીલસાગરજી મહારાજ દ્વારા આપવામાં આવેલી ૧૯ જૈનેશ્વરી દીક્ષાઓની અનુમોદના કરી છે. આ પ્રસંગે સુનીલસાગરજી મ.સા.ના ગુરૂભક્ત સંદીપભાઈ શાહની આગેવાનીમાં ગાંધીનગરના સુનીલસાગર યુવા સંઘના સભ્યો મુખ્યમંત્રીની મુલાકાતે ગયાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી દ્વારા પ્રસિદ્ધ સાહિત્યકાર સરોજ જૈન દ્વારા આચાર્ય સુનીલસાગરજી મ.સા.ના જીવન ચરિત્ર પર લખવામાં આવેલ પુસ્તક એક મહાવિજ્ઞનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી સાથે જૈન અગ્રણીઓએ પૂ. સુનીલસાગરજીના ગાંધીનગર ખાતેના ચાતુર્માસ દરમ્યાનના પ્રસંગોની યાદ તાજી કરી હતી અને તેમની ગાંધીનગરથી ગિરનાર તેમજ ઈડરથી તારંગાજીની યાત્રાની પ્રભાવના વિષે પણ ઉદગાર વ્યક્ત કર્યા હતા.

# બોલેરો પર ફરી વળ્યો ટ્રક, ૪ લોકોના સ્થળ પર મોત

રાજસ્થાનના ભગતસિંહ મેગા હાઈવે પર ટ્રક અને બોલેરો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ડીસાના એક જ પરિવારના ૪ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે ૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ સમગ્ર મામલે બાડમેર પોલીસ હાલ તપાસ કરી રહી છે અને ટ્રક ડ્રાઈવરને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિત મુજબ ડીસાના લક્ષ્મીપુરાના એક પરિવાર રાજસ્થાનના બાડમેર પાસે માજીસા મંદિરના દર્શન કરવા ગયો હતો. પરંતુ મંદિરે દર્શન કરીને પરત ફરતા હતા ત્યારે રાજસ્થાનના બાડમેર પાસે ભગતસિંહ મેગા હાઈવે પર બોલેરો ગાડીનો ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો. જો કે, બોલેરો ગાડીમાં સુથાર પરિવાર સવાર હતો. અકસ્માત એટલો ગંભીર હતો ઘટના સ્થળે ૪ લોકોના મોત નિપજ્યા છે. તો પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

# શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત

ભારતના પાટનગર દિલ્હીમાં યમુના નદીના કાંઠે ધર્મ ધજા લહેરાવતું મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત જે હજારો શ્રદ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર શ્રી સ્વામિનારાયણ મંદિર, દિલ્હીના ૪૩ મા પ્રતિષ્ઠોત્સવની પૂર્વ સંધ્યાએ શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ તથા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે શુભેચ્છા મુલાકાત થઈ હતી. જેમાં આચાર્ય સ્વામીશ્રી મહારાજ તથા વડાપ્રધાનશ્રીએ અતીતના સંસ્મરણોની યાદદાસ્ત કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, મને ત્રણ ત્રણ શ્રી સ્વામિનારાયણ ગાદીની સાર્વભૌમ નાદવંશીય ગુરુપરંપરાના વારસદારોના દિવ્ય આશીર્વાદ અને પાવનકારી સાનિધ્યમાં ચરણોમાં બેસવાનો અણમોલ લ્હાવો અનેકવાર પ્રાપ્ત થયો છે. શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપા, શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તથા પ્રવર્તમાન



આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ - આમ ત્રણ ત્રણ પેઢીઓના દર્શન, આશીર્વાદ પામ્યો છું. શુભેચ્છા મુલાકાત સમયે અનેક સંસ્મરણો વાગોળ્યા હતા. શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીને પ્રસન્નતાની પાઘ, શાલ, રક્ષાસૂત્ર, કુમકુમનો ચાંલ્લો અને સ્વર્ણિમ કળશ અર્પણ કરી આશીર્વાદ અર્પણ કર્યા હતા. શુભેચ્છા મુલાકાતમાં સદ્ગુરુ શ્રી મુનિભૂષણદાસજી સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, દિલ્હીના મહંત શ્રી ધર્મનંદનદાસજી સ્વામી, શ્રી સર્વાત્મપ્રિયદાસજી સ્વામી, શ્રી શરણાગતવત્સલદાસજી સ્વામી, શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામી, કીર્તિભાઈ વરસાણી તથા નિમિત્ત કાકા ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રભાવિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હરેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે અત્યાર સુધી અમને કોઈ પણ ટ્રેક પર કોઈ અવરોધ અને ટ્રેન રદ થવાની કોઈ જાણકારી નથી. અમે પડોશી રાજ્યોની જીઆરપી અને આરપીએફ સાથે નજીકથી કામ કરી રહ્યા છીએ, જો કોઈ સમસ્યા હોય તો અમે દિલ્હીમાં તેના માટે તૈયાર છીએ. આંદોલનકારી ખેડૂતોએ સોમવારે ઉત્તરપ્રદેશના મોદીનગર રેલવે સ્ટેશન પર રેલ વ્યવહાર બંધ કરી દીધો હતો. ટ્રેનો અને માલગાડીઓની અવરજવરને રોકવા માટે સેંકડો ખેડૂતો પાટા પર બેઠા હતા. ગાઝિયાબાદ જિલ્લાના ચાર પોલીસ સ્ટેશનના સુરક્ષા દળોને મોદીનગર રેલવે સ્ટેશન પર પ્રાંતીય સશસ્ત્ર પોલીસ (પીએસી) ની કંપની સાથે તૈનાત કરવામાં આવ્યા છે.

ખેડૂત સંગઠનોના રેલ રોકો આંદોલનને કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ચંદીગઢ જતી ટ્રેનના મુસાફરોનું કહેવું છે કે રેલ રોકો આંદોલનને કારણે એસએએસ નગર જિલ્લાના ડેરા બસ્સી તહસીલના દપ્પર સ્ટેશન પર ટ્રેન રોકાવાના કારણે તેઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

ખેડૂતોના સંગઠનો દ્વારા આપવામાં આવેલ રેલ રોકો આંદોલનને ધ્યાનમાં રાખીને હરિયાણાના બહાદુરગઢ રેલવે સ્ટેશન પર બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) તૈનાત કરવામાં આવી હતી. બહાદુરગઢના નાયબ પોલીસ અધિક્ષક (ડીએસપી) પવન શર્માએ કહ્યું, ખેડૂત સંગઠનોએ આજે સવારે ૧૦ થી સાંજે ૪ વાગ્યા સુધી રેલ રોકો વિરોધનું એલાન આપ્યું હતું. તેથી, અમે અહીં સુરક્ષા કડક બનાવી છે. બીએસએફ પણ અહીં છે. અમે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ.

ખેડૂત સંગઠનોના રેલ રોકો આંદોલન અંગે ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે જણાવ્યું છે કે રેલ રોકો આંદોલન જુદા જુદા જિલ્લાઓમાં અલગ અલગ સ્થળોએ યોજાયું. દેશભરના લોકો જાણે છે કે આપણે ટ્રેન ક્યાં રોકી છે. ભારત સરકારે હજુ સુધી અમારી સાથે વાત કરી નથી. રેલ રોકો આંદોલન માટે ખેડૂતોના સંગઠનોના આહ્વાનની અસર ઘણા રાજ્યોમાં જોવા મળી રહી હતી. અમૃતસરના દેવીદાસ પુરા ગામમાં પ્રદર્શનકારીઓ રેલવે ટ્રેક પર બેઠા હતા. તે જ સમયે, હરિયાણાના સોનીપત જંકશન રેલવે સ્ટેશન પર મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. પ્રદર્શનકારીઓ બહાદુરગઢમાં રેલવે ટ્રેક પર બેઠા હતા. તે જ સમયે, આ સમય દરમિયાન પોલીસ અને વહીવટીતંત્રે પણ સુરક્ષા વ્યવસ્થાને લઈને એલર્ટ જાહેર કર્યું છે. લખનૌ પોલીસે કહ્યું છે કે, ખેડૂતોના સંગઠનના 'રેલ રોકો આંદોલન'માં ભાગ લેનારાઓ સામે પોલીસ કાર્યવાહી કરશે. જિલ્લામાં સામાન્ય સ્થિતિમાં ખલેલ ન પહોંચાડે તે માટે ૧૪૪ સીઆરપીસી પણ લાદવામાં આવી છે.

## આજીવન કેદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓગસ્ટ ૨૦૧૭ની હિંસાને જોતા રામ રહીમ સાથે જોડાયેલા કોઈ પણ કેસમાં સુનાવણી કે પછી સજાના એલાન પહેલા સુરક્ષા વ્યવસ્થાને વધારી દેવાય છે. વર્ષ ૨૦૧૭માં બળાત્કારના કેસમાં રામ રહીમને દોષી ઠેરવ્યા બાદ ૩૬ લોકો માર્યા ગયા હતા. ગઈ સુનાવણી દરમિયાન સીબીઆઈએ કોર્ટથી ડેરા પ્રમુખ માટે મોતની સજાની માગ કરવામાં આવી હતી. પોતે રામ રહીમે રોહતક જેલમાંથી વીડિયો કોન્ફ્રેસિંગ દ્વારા દયાની અરજી કરી હતી. રામ રહીમ જેલમાં બે અનુયાયીઓની સાથે બળાત્કાર કરવા માટે ૨૦ વર્ષની સજા કાપી રહ્યા છે. રામ રહીમે કોર્ટની સામે દયાની અરજી લગાવતા બ્લડ પ્રેશર, આંખ અને ગુર્દા સંબંધિત પોતાની બીમારીઓનો પણ હવાલો આપ્યો હતો.

સીબીઆઈએ ડેરા પ્રમુખની અરજીનો વિરોધ કરતા કહ્યુ હતુ કે પીડિતે તેને ભગવાનની જેમ માન્યા અને આરોપીએ તેમના વિરૂદ્ધ ગુનો કર્યો. એજન્સીએ એ પણ કહ્યુ કે તેમનો ગુનાકીય ઈતિહાસ રહ્યો છે. એવામાં એજન્સીએ રામ રહીમ વિરૂદ્ધ આઈપીસી કલમ ૩૦૨ હેઠળ વધારે સજાની માગ કરી હતી. સીબીઆઈએ ત્રણ ડિસેમ્બર ૨૦૦૩એ આ કેસમાં એફઆઈઆર નોંધી હતી. રામ રહીમને એક પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યાના કેસમાં ઉંમરકેદની સજા સંભળાવી હતી. તેઓ રોહતકની સુનારિયા જેલમાં સજા સંભળાવ્યા બાદથી જ બંધ છે.

## શ્રમિકોની ભીડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સ્થિતિ એવી છે કે, તેમના પાસે કોઈ જમાપૂંજી પણ નથી. કેટલાક મજૂરો દ્વારા લગાવવામાં આવેલા આરોપ પ્રમાણે તેઓ જે ઈંટના ભઠ્ઠામાં કામ કરી રહ્યા હતા ત્યાંના માલિકે તેમને બાકી પૈસા પણ નથી ચુકવ્યા અને જીવ જોખમમાં હોવાથી તેઓ ઘરે પાછા ફરવા મજબૂર બન્યા છે.